NATIONAL STUDENTS' UNION OF INDIA
National Secretariat: 5, Raisina Road, New Delhi-110001, Tel. : 011-23358686
Smt. Sonia Gandhi, Chairperson, Central Advisory Committee, Neeraj Kundan, National President NSUI

**BHAVIK SOLANKI**
**National Coordinator**

# પ્રેસનોટ

તા. 30-0૬-૨0૨3

૧ જુલાઈ થી ૧૯ જુલાઈ સુધી ડિપ્લોમાં ઈજનેરી પરીક્ષાનું સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે એટલે કે પરીક્ષા પછી ઓછામાં ઓછા ૨૫ દિવસ પેપર ચકાસણી માટે અને ત્યારબાદ ૧૦ દિવસ પરિણામને તૈયાર કરતા સમય થાય, પરિણામે ડિપ્લોમાં ટુ ડિગ્રીના પ્રવેશ પ્રક્રિયા સપ્ટેમ્બર ના પ્રથમ અઠવાડિયામાં શરૂ થાય તેવું જણાય છે. ડિપ્લોમાંના અભ્યાસક્રમના એકેડમી કેલેન્ડર તૈયાર કરવામાં નિષ્ફળ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના રેઢિયાળ તંત્રને લીધે ગુજરાતના સામાન્ય - મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ ફરી એક વખત ભોગ બનશે. ડિપ્લોમાં પછી ઉચ્ચ અભ્યાસક્રમ માટે વિદેશ જવું હશે તેમને એક વર્ષ ગુમાવાનો વારો આવશે ત્યારે પ્રવેશ, પરીક્ષા, પરિણામ અને પદવી જેવી પાયાની કામગીરી સમયસર કરવામાં નિષ્ફળ જીટીયુના શાસકો સામે ક્યારે શિક્ષાત્મક પગલા ભરાશે? એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજકશ્રી ભાવિક સોલંકીએ શિક્ષણ વિભાગ - રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે.

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પરીક્ષાફોર્મ, એનરોલમેન્ટ ફોર્મ કે અન્ય કામગીરીમાં ભુલથી ચુકી જાય તો તેમને કોલેજ અને GTU ના સત્તાધિશો ૫૦૦ થી ૫૦૦૦ રૂપિયા ભારેભાર દંડ વસૂલે છે. જો વિદ્યાર્થી ભુલ કરે તો દંડ વસૂલવાનો અને GTU ના સત્તાધીશો વારંવાર ભુલ કરે તો તેમને કેમ કોઈ દંડ નહિ ? GTU ના સત્તાધિશો વિદ્યાર્થીઓ પાસેથી બેફામ ફી વસૂલે છે જે અન્વયે GTU પાસે કરોડો રૂપિયા ભેગા થયા છે. વિદ્યાર્થીઓના આ નાણાંનો સત્તાધીશો મનમાની કરીને આડેધડ વહીવટ કરી રહ્યાં છે. ત્યારે ડિપ્લોમાંની પરીક્ષામાં અતિવિલંબ માટે GTU ના સત્તાધિશોની જવાબદારી નક્કી થવી જોઈએ અને તે માટે શિક્ષાત્મક પગલા ભરવા એન.એસ.યુ.આઈ.ના રાષ્ટ્રીય સંયોજકશ્રી ભાવિક સોલંકીએ માંગ કરી છે.

BRSolanki

ભાવિક સોલંકી
રાષ્ટ્રીય સંયોજક, NSUI.
મો. ૯૭૧૨૭૧૯૦૮૧